**ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી / ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી / ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓ અંગે**

**શોકદર્શક ઉલ્લેખ**

**માનનીય મુખ્યમંત્રીશ્રી**

(શોકદર્શક ઉલ્લેખ કર્યા બાદ )

**વિરોધપક્ષના નેતાશ્રી**

(શોકદર્શક ઉલ્લેખ કર્યા બાદ )

**અન્ય સભ્યશ્રીઓ**

(શોકદર્શક ઉલ્લેખ કર્યા બાદ )

**માનનીય અધ્યક્ષશ્રી**

**અધ્યક્ષ :** સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના પૂર્વ રાજયપાલ સ્વ. ર્ડા.શ્રીમતી કમલા બેનીવાલ, પૂર્વ મંત્રીશ્રી સ્વ.શ્રી બિપીનભાઇ શાહ, પૂર્વ સભ્ય સ્વ.શ્રી શિવભદ્રસિંહજી ગોહિલ, સ્વ.શ્રી રત્નાભાઇ ઠુંમર, સ્વ.શ્રી રામસિંહજી સોલંકી, સ્વ. શ્રી નંદકિશોર દવે, સ્વ.શ્રી ખુરશીદહૈદર પીરઝાદા, સ્વ. શ્રી સામતભાઇ રાઠોડ, સ્વ.શ્રી કરશનભાઇ ઓડેદરાના અવસાન અંગેના જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે, જેને આ ગૃહના સભ્યશ્રી અને કોંગ્રેસ પક્ષના નેતાશ્રી

અમીતભાઈ ચાવડા તેમજ અન્ય સભ્યશ્રીઓએ અનુમોદન આપ્યું છે. હું પણ આ પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું.

ગુજરાત રાજયના માનનીય પૂર્વ રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલનું તા.૧૫મી મે, ૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ માત્ર ૨૭ વર્ષની ઉંમરે સન ૧૯૫૪ માં રાજસ્થાન રાજયના પ્રથમ મહિલા મંત્રી બન્યાં હતાં. સ્વ.ડૉ. શ્રીમતી કમલા બેનીવાલ એક પ્રતિષ્ઠિત ખેડૂત અને સ્વાતંત્ર્ય સેનાનીના કુટુંબમાં જન્મ્યા હતા. ડૉ.કમલાજીએ ઝુનઝુન અને સિકર જિલ્લામાંથી જાગીરદારી પ્રથાના વિરોધમાં જયપુર રાજયના રાજયકર્તાઓ તથા અંગ્રેજ શાસન સામે વિશાળ લોક આંદોલનનું આયોજન અને નેતૃત્વ કર્યુ હતું. તેઓ ૧૯૫૪ થી ૨૦૦૩ સુધી રાજસ્થાન વિધાનસભામાં ચૂંટાઈને વિવિધ મંત્રાલયોનો હવાલો સંભાળ્યો હતો. છેલ્લે તેઓ સન ૨૦૦૯ થી ૨૦૧૪ સુધી ગુજરાત રાજયના રાજયપાલ પદે નિયુકત થયા હતા. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતાં હતાં. તેઓ પ્રકૃતિના ચાહક, ચિત્રકલાના ઉત્કૃષ્ઠ વિદ્યાર્થીની, સંગીત અને નૃત્યમાં ઊંડી અભિરૂચી, સારા ઘોડેસ્વાર, રમત ગમતમાં પણ આગવું સ્થાન ધરાવતાં હતા. તરણ તેઓનો પ્રિય શોખ હતો. સ્વ. ડૉ. શ્રીમતી કમલા બેનીવાલને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બિપીનભાઇ શાહનું તા.૧૨મી જુલાઇ, ૨૦૨૪ના રોજ ૮૬ વર્ષની જૈફવયે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓશ્રીએ ૧૯૯૦માં પ્રથમવાર આ વિધાનસભામાંથી ચૂંટાઇ ભરૂચ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ તેઓ આજીવન સામાજિક અને સહકારી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહયા હતા. સ્વ.શ્રી બિપીનભાઇ શાહને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી શિવભદ્રસિંહજી ગોહિલનું તા.૩૧મી મે, ૨૦૨૪ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી શિવભદ્રસિંહજી ભાવનગર રાજવી સ્વ.શ્રી મહારાજ કૃષ્ણકુમારસિંહજી ગોહિલના નાના પુત્ર હતા. સ્વ.શ્રી શિવભદ્રસિંહજીએ બીજી અને ત્રીજી ગુજરાત વિધાનસભામાં તળાજા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. સ્વર્ગસ્થશ્રીનું સામાજિક ઉત્કર્ષ અને ભાવનગરના ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટે ખૂબ મોટું યોગદાન રહયુ હતું. તેઓશ્રી પશુ/પક્ષીઓની ફોટોગ્રાફી અને વન સંરક્ષણની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતા હતા. તેઓશ્રી જીવનના અંતિમ વર્ષોમાં પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પ્રેરિત સ્વાધ્યાય પરિવારમાં પ્રવૃત્ત હતા. સ્વ.શ્રી શિવભદ્રસિંહજીને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રત્નાભાઇ ઠુંમરનું તા.૧૨મી મે, ૨૦૨૪ના રોજ આશરે ૯૪ વર્ષની જૈફવયે દુ:ખદ અવસાન થયેલ છે. પાંચમી વિધાનસભાની પેટા ચૂંટણીમાં માળિયા મત વિસ્તારથી પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ ધારાસભ્ય તરીકે મળતા પગારભથ્થાની રકમ ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તી માટે આપતા હતા. રત્નાબાપા કાયમી એસ.ટી. બસમાં અને ટ્રેનમાં મુસાફરી કરતા હતા. રત્નાબાપાનું જીવન સાદગીભર્યુ, સરળ, સત્યનિષ્ઠા, પરિશ્રમી, પ્રમાણિકતા અને નીડરતાવાળું હતું. તેઓ એક મુલ્યનિષ્ઠ વ્યકિત હતા. ખેડૂતોના પ્રશ્ને, ખેડૂતોના હિતમાં તેઓ કિસાનસંઘના આંદોલનમાં સક્રીય ભૂમિકા ભજવતા હતા. સ્વ.શ્રી રત્નાભાઇ ઠુંમરને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી રામસિંહ સોલંકીનું તા.૩જી ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ ૮૭ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે. સ્વ.શ્રી રામસિંહભાઇએ આ વિધાનસભા ગૃહમાં ચાર વખત બાયડ વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. સ્વ.શ્રી રામસિંહભાઇ તદ્દન સાદુ જીવન જીવનાર અને હંમેશા નાનામાં નાના માણસને પણ મદદરૂપ થતા હતા. તેઓના કાર્યકાળ દરમિયાન બાયડ

વિધાનસભા વિસ્તારના અત્યંત લોકપ્રિય નેતા હતા. સ્વ.શ્રી રામસિંહ સોલંકીને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી નંદકિશોર દવેનું તા.૧૫મી માર્ચ, ૨૦૨૪ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓએ રાષ્ટ્રીય અને રાજય સ્તરે વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ૧૯૬૫માં પટણા ખાતે યોજાયેલ નેશનલ ગેમ્સમાં તેઓએ ગુજરાતની હોકી ટીમના કેપ્ટન તરીકે ભાગ લીધો હતો. તેઓ વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓમાં પોતાનું યોગદાન આપેલ હતું. તેમના વિસ્તારમાં તેઓના પ્રયત્નોથી ચેક ડેમ થકી સંપૂર્ણ બિનપિયત જમીનને સિંચાઇ મળી રહી છે. સ્વ.શ્રી નંદકિશોર દવેને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી ખુરશીદહૈદરનું અવસાન તા.૯મી માર્ચ, ૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી પીરઝાદાનો જન્મ સ્વાતંત્ર્ય સેનાનીના કુટુંબમાં થયો હતો. તેઓ દસમી ગુજરાત વિધાનસભામાં સન ૧૯૯૮માં ચૂંટાઈને વાંકાનેર વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. **જન સેવા એજ પ્રભુ સેવા** - મંત્રને ચરિતાર્થ કરવા તેઓનું કાર્યક્ષેત્ર ફકત રાજકીય ક્ષેત્ર પૂરતુ  સિમિત ન રહેતાં સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે

શૈક્ષણિક, સામાજિક અને અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી હતી. સ્વ.શ્રી ખુરશીદહૈદર પીરઝાદાને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સામતભાઇ રાઠોડનું તા.૪થી માર્ચ, ૨૦૨૪ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સન ૧૯૯૮માં આ વિધાનસભામાં ચૂંટાઇને કેશોદ વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેમના મત વિસ્તારમાં પાણીની ખૂબ મોટી સમસ્યા હતી. તેઓના પ્રયત્નોથી કેશોદ વિસ્તારમાં પાણીની સમસ્યા દૂર થઇ છે. તેઓ જીવનપર્યંત ભારતીય જનતા પક્ષના સંનિષ્ઠ કાર્યકર રહયા હતા. સંગઠન ક્ષેત્રે પણ તેમણે ઉમદા સેવાઓ બજાવી હતી. સ્વ.શ્રી સામતભાઇ રાઠોડને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી કરસનભાઇ ઓડેદરાનું તા.૪થી મે, ૨૦૨૪ના રોજ ૬૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓ સતત ત્રણ ટર્મ સુધી આ સભાગૃહમાં પોરબંદર જિલ્લાના કુતિયાણા વિધાનસભા મત વિસ્તારથી ચૂંટાઇને પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ તેમના જીવન દરમિયાન અનેક સામાજિક, શૈક્ષણિક, રાજકીય સંસ્થાઓ સાથે સંકળાયેલ હતા. તેઓ ધાર્મિક પ્રવાસ કરવામાં ખૂબ રૂચી ધરાવતા હતા. તેઓએ કૈલાસ માનસરોવર, અમરનાથ તથા બે

વખત ચારધામ યાત્રા કરી હતી. સ્વ.શ્રી કરસનભાઇ ઓડેદરાને હું શ્રધ્ધાંજલિ પાઠવું છું.

ઉકત તમામ સદ્દગતોના અવસાનથી તેઓના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે તેવી પ્રાર્થના કરૂ છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદ્દગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા પર ઉભા થઇ બે મિનિટ મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્દગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

**NEXT**